# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૯ તા.૧-૭-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- પ્રાથમિક શાળાના શિક્ષકોને 'પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર'' થી પ્રોત્સાહિત કરવા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગના તા.૨૭-૦૬-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક :પીઆરઈ/૧૧૨૦૧૯/સી.ફા. ૧૪/ક

(૨) ક્રમાંક પ્રાશિનિ/રા.પા.એવોર્ડ-૨૦૧૯/જ/૧૨૬૪-૧૪૭૦ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ની કચેરીનો તા.૨૯-૬-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રાજયની પ્રાથમિક શાળાઓમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય કરતા, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્યપૂર્ણ પ્રયોગો, સામાજીક યોગદાન વગેરેમાં સક્રીય હોય તેવા શિક્ષક/મુખ્ય શિક્ષકને પ્રોત્સાહિત કરવા માટે સરકારશ્રી, શિક્ષણ વિભાગના તા.૨૭-૦૬-૨૦૧૯ના ઠરાવથી 'પ્રતિભાશાળા શિક્ષક પ્રમાણપત્ર' આપવા અંગેની યોજના દાખલ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત સમગ્ર રાજયના દરેક કલસ્ટર દીઠ અને દરેક સત્ર દીઠ એક શિક્ષક/ મુખ્ય શિક્ષકની પસંદગી કરવાની રહેશે. પાત્રતા ધરાવતા પ્રતિભાશાળી શિક્ષક માટે કોઈ ન્યુનતમ સેવા ધ્યાને લેવાની રહેશે નહી તથા આવા શિક્ષકને તેમના સેવાકાળ દરમ્યાન એક જ વખત 'પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર' મળવાપાત્ર રહેશે.

વધુમાં પ્રતિભાશાળી શિક્ષકની પસંદગી માટેની પદ્ધતિ, પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર એનાયત કરવા માટેનો સમયગાળો ઉકત ઠરાવની જોગવાઈ ચૂસ્તપણે કરવાનો રહેશે.

પાત્રતા ધરાવતા શિક્ષકો વધુમાં વધુ સંખ્યામાં દરખાસ્તો કરે તે માટે ઠરાવની જોગવાઈ અનુસાર વધુમાં વધુ પ્રચાર પ્રસાર થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં શિક્ષણ વિભાગ દ્વારા 'પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર' અંગેની અખબારી યાદી આપવામાં આવેલ છે. તેને પણ ધ્યાને લઈ સદર ઠરાવની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર તથા ઠરાવની નકલ

તા.૧-૭-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

